# 61

## મહુવા–તળાજા તાલુકામાં વીજલાઈનો

* 15/4/2506 : **શ્રી શિવાભાઈ જેરામભાઈ ગોહિલ** (મહુવા): **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦/૦૧/૨૦૨૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના મહુવા-તળાજા તાલુકામાં કાર્યરત વિન્ડફાર્મ અને સોલાર પ્લાન્ટમાં ઉત્પન્ન થતી વીજળીને વહન કરવા માટે જે વીજ લાઇનો નાખવામાં આવી છે, તેને ક્યારે અને કઈ કક્ષાએથી મંજૂરી આપવામાં આવી છે, અને | (૧) તા.૩૦/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાના મહુવા-તળાજા તાલુકામાં કાર્યરત વિન્ડફાર્મ અને સોલાર પ્લાન્ટમાં ઉત્પન્ન થતી વીજળીને વહન કરવા માટેની વીજ લાઈનો નાંખવા અંગે રાજ્ય સરકાર કક્ષાએ વીજ અધિનિયમ, ૨૦૦૩ની જોગવાઈ હેઠળ તા.૨૮.૦૨.૨૦૨૨, ૦૪.૦૫.૨૦૨૨, ૦૨.૦૭.૨૦૨૨, ૧૯.૦૭.૨૦૨૨ અને ૨૭.૧૨.૨૦૨૨ના રોજ મંજુરી આપવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત વીજ લાઇન નાખવાથી ખેડૂતોના ખેતરોને થતા નુકશાન બાબતે રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી ફરીયાદો મળી ? | (૨) કુલ ૩૩ ફરિયાદો. |

----------